# આપણે માત્ર પ્રવાસી કે પ્રદૂષકો?

**આપણી આસપાસ**
★ મિત્તલ પટેલ

૨૨ એપ્રિલ ૨૦૨૫ પહેલગામ પર થયેલો આતંકી હુમલો. આ ઘટનાના બરાબર એક વર્ષ પછી અમે કશ્મીરના સોનમર્ગને પછી શ્રીનગરમાં પહોંચ્યા. આખું કાશ્મીર એક વર્ષ પહેલા આ દિવસે વ્યથિત હતું. આજે પણ આ કરુણ ઘટનાના પડઘા જાણે સંભળાતા હોય એવું કશ્મીરીઓ સાથે વાત કરતા આપણે અનુભવીએ. વર્ષોથી આતંકવાદના પડછાયામાં જીવતા કાશ્મીરની આર્થિક કરોડરજ્જુ એટલે 'પર્યટન'. પણ આતંકવાદી હુમલાના કારણે હજારો સ્થાનિકોની રોજીરોટી છીનવાઈ. પ્રવાસીઓ અમારા ભગવાન એવું દરેક કશ્મીરીના મોંઢે આપણે સાંભળીએ ને એ લોકો પ્રવાસીઓની એવી કાળજી પણ કરે પણ કશ્મીરી જેને ભગવાન માને એ પ્રવાસીઓ કુદરતી સંસાધનોને બગાડવાનો આતંક કરતા હોવાનું એને જે રીતે નુકસાન પહોંચાડે એ જોઈને જીવ બળે.

કશ્મીર હું ૨૦૧૨થી લગભગ દર ચાર વર્ષે જાઉં છું, ને દર વખતે ત્યાં થઈ રહેલા બદલાવને જોઉં છું. કાશ્મીરને ધરતી પરનું સ્વર્ગ કહેવામાં આવે. સરકાર પણ પ્રવાસીઓને આકર્ષવા માટે નવા-નવા વ્યૂ-પોઈન્ટ્સ વિકસાવી રહી છે પરંતુ વાસ્તવિકતા એ છે કે જ્યાં વ્યૂ-પોઈન્ટ છે ત્યાં ગંદકીના 'ઢગલા-પોઈન્ટ' પણ બની ગયા છે. સોનમર્ગની સુંદરતા બે વર્ષો પહેલાં જોયેલી પણ આજે ત્યાં આડેધડ હોટલો બંધાઈ છે. હોટલો ને પ્રવાસીઓ દ્વારા ફેલાવવામાં આવેલા પ્લાસ્ટિકના કચરાએ આ સ્થળની મૌલિકતા જાણે છીનવી લીધી.

અમારા વાહનચાલક આશિકભાઈના શબ્દોમાં કહીએ તો, ''કુદરતે અમને બધું જ આપ્યું. લોકો કાશ્મીરની સુંદરતાને જોવા માટે જ આવે પણ જો આપણે આ સુંદરતાને જાળવવાનું નહીં કરીએ તો આવનારા સમયમાં કાશ્મીરને ધરતી પરનું સ્વર્ગ કહેવું કે કેમ એ પ્રશ્ન થશે. મારા મતે કાશ્મીરની સુંદરતા જાળવવાની જવાબદારી જેટલી અમારી એટલે કે સ્થાનિકોની, એટલી જ અહીં આવતા મહેમાનોની પણ છે.'' આશિકભાઈ જેવા અનેક કાશ્મીરીઓ આજે ચિંતિત છે. તેઓ કહે છે કે, ''જો હોટલ બાંધકામને સફાઈ બાબતે સરકાર કડક દંડની જોગવાઈ નહીં કરે, તો આવનારાં થોડાં જ વર્ષોમાં આ 'સ્વર્ગ' નર્ક બની જશે.'' કાશ્મીરથી આગળ વધીને જ્યારે અમે લદાખ પહોંચ્યા, ત્યારે ત્યાંની સ્થિતિ પણ ગંભીર જણાઈ. નુબ્રાવેલીમાં રહેતા લોબઝાંગે એક મહત્ત્વની વાત કહી. લદાખમાં પ્રવાસન બે તબક્કામાં વહેંચાયું. 'થ્રી ઈડિયટ્સ' ફિલ્મ પહેલાંનું ને પછીનું. 'થ્રી ઈડિયટ્સ' ફિલ્મ આવી તે પહેલાં લદાખમાં વિદેશી પ્રવાસીઓ વધુ આવતા. તેઓ પ્રકૃતિપ્રેમી, ટ્રેકિંગ ઘણું કરે, પ્લાસ્ટિક ને કચરા બાબતે પણ વધારે સભાન. પરંતુ ફિલ્મ આવ્યા પછી ભારતીય પ્રવાસીઓનો ધસારો વધ્યો ને એણે લદાખનું ચિત્ર બદલી નાખ્યું. લોબઝાંગના મતે, ''ભારતીય પ્રવાસીઓને પ્રકૃતિના અવાજ કરતાં પોતાના મ્યુઝિકનો શોરબકોર વધારે ગમે. જે હોટલમાં એ રોકાય ત્યાં રાત્રે ખુલ્લામાં બેસીને દારૂ પીવાનું ને સાથે જોર જોરથી મ્યુઝિક વગાડવાનું. આનાથી શાંત નુબ્રાવેલીમાં જાણે કોલાહલ મચ્યો હોય એવું લાગે. મને લાગે તમારે આ રીતે દારૂ ને મ્યુઝિક જોઈએ તો તમારે ક્લબમાં જવું જોઈએ. હિમાલય અનુભવવાની જગ્યા છે. અમે પગપાળા અમારાં મા-બાપ સાથે હિમાલયના રસ્તાઓમાં ચાલતા હોઈએ તો અમને જોરથી બોલવાની પણ અમારાં મા-બાપ ના પાડતાં. એ કહેતાં કે, આપણી વાતોથી એને(હિમાલયને) ખલેલ પહોંચે, આપણાથી આવું ન કરાય. અમે આ સંસ્કૃતિ સાથે મોટા થયા છીએ ને આજે એ શાંતિ જાણે કોરાણે મુકાઈ રહ્યાનું લાગે. લોકો વેફર્સ, બિસ્કીટ ખાઈને ગાડીના કાચમાંથી એના રેપર સીધા બહાર ફેંકે. આવું કરવાનો જાણે સૌને જન્મસિદ્ધ અધિકાર મળી ગયો એવું સૌને લાગે. કુદરતે આપણને ભરી ભરીને બધું આપ્યું પણ આપણે જાણે એને લાયક નથી. ખુલ્લામાં દારૂ પીવો ને મોડી રાત સુધી ધમાલ કરનારા પ્રવાસીઓના વર્તનને કારણે પ્રકૃતિની શાંતિ માણવા આવતા વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે.''

પર્યટન ઉદ્યોગના આંકડાઓ પર જરા નજર કરીએ, વર્ષ ૨૦૨૩માં કાશ્મીર ઘાટીમાં ૨ કરોડથી વધુ પ્રવાસીઓ નોંધાયા હતા, અત્યાર સુધીનો આ સૌથી મોટો આંકડો છે. આનાથી અંદાજ આવે કે ભીડ કેટલી વધી છે. જ્યારે લદાખમાં વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન લગભગ ૫ લાખથી વધુ પ્રવાસીઓ આવ્યા હતા. જેમાંથી ૯૦% થી વધુ ભારતીય પ્રવાસીઓ હતા. પ્રવાસીઓની સંખ્યા વધવી એ આર્થિક રીતે સારી બાબત પણ શું આપણી આંતરમાળખાકીય સુવિધાઓ આટલી ભીડ ને તેમના



દ્વારા પેદા થતા કચરાને સંભાળવા સક્ષમ છે? મારા મતે આપણે સક્ષમ નથી.

ભારતીય પ્રવાસીઓની છાપ માત્ર ભારતમાં જ નહીં પણ વિદેશોમાં પણ 'ગંદા પ્રવાસી' તરીકેની. લાખો રૂપિયા ખર્ચીને વિદેશ જનારા લોકો પણ ત્યાં જઈને ગંદકી કરતા અચકાતા નથી. આપણા ઐતિહાસિક સ્મારકો પર 'રાજુ લવ્સ પ્રિયા' જેવા નામ કોતરીને આપણે કઈ સંસ્કૃતિનું પ્રદર્શન કરીએ છીએ? એ ખરેખર સમજાતું નથી.

અમેરિકાના ઓર્લેન્ડો સ્થિત 'ડિઝની લેન્ડ' માં અમે ગયા વર્ષે ગયા. જે દિવસે અમે ત્યાં હતા, તે દિવસે ૫૦,૦૦૦ કરતાં વધુ પ્રવાસીઓ પાર્કમાં હતા. છતાં આખા પાર્કમાં પ્લાસ્ટિકનો એક ટુકડો અમે ભોંય પર પડેલો ન જોયો. ત્યાંના શૌચાલયો પણ એકદમ સ્વચ્છ. જ્યારે આપણે ત્યાં જાહેર શૌચાલયોની હાલત જોતા જ ઉબકા આવે. ઈંગ્લીશ ટોયલેટ હોય તો લોકો એમાં બેસવાની જગ્યાએ નીચે જ પેશાબ કરે. ફ્લશ કરવાની તો જાણે બાધા. એરપોર્ટ જેવાં સ્થળોએ પણ સફાઈકર્મીઓએ યાત્રાળુઓને ટોયલેટનો યોગ્ય ઉપયોગ કરો, નીચે ન બેસો, ફ્લશ કરો એવી સૂચના આપવી પડે. આ બધું જોઉં ત્યારે થાય કે આપણામાં આવી નાની સૂઝબૂઝ કેમ નથી! મારી દીકરી ૧૪ વર્ષની. એ ફરવા જઈએ તો ઝાઝું પાણી પીવાનું ટાળે. હું એને પાણી પીવાનો ખૂબ આગ્રહ કરું ત્યારે એ કહે, ''જાહેર સ્થળો પરનાં શૌચાલય એટલાં ગંદાં હોય છે કે મને એમાં યુરીનલ માટે જવું નથી ગમતું.''

મને લાગે સ્વચ્છતાના પાઠ માત્ર પુસ્તકોમાં જ

**પ્રવાસીઓને આકર્ષવા માટે નવા-નવા વ્યૂ-પોઈન્ટ્સ વિકસાવી રહ્યાં છે પરંતુ વાસ્તવિકતા એ છે કે જ્યાં વ્યૂ-પોઈન્ટ છે ત્યાં ગંદકીના 'ઢગલા-પોઈન્ટ' પણ બની ગયા છે**

નહીં પણ ઘરમાં, શાળામાં પ્રાયોગિક રીતે શીખવવા જોઈએ. બાળકો માતા-પિતાને ગાડીમાંથી કચરો ફેંકતા જુએ ત્યારે એ પણ એ જ શીખે. સિંગાપોર જેવા દેશોએ સાબિત કર્યું છે કે જ્યાં સુધી 'દંડ'ની બીક નથી હોતી, ત્યાં સુધી લોકો શિસ્ત પાળતા નથી. પ્રવાસન સ્થળોએ કચરો ફેંકવા બદલ ભારે દંડની જોગવાઈ હોવી જ જોઈએ. સ્થાનિકોએ માત્ર કમાણી પર ધ્યાન ન આપતા, પોતાના વિસ્તારની સુંદરતા જાળવવા પ્રવાસીઓને ટોકવા પડશે ને પહાડી વિસ્તારોમાં પ્લાસ્ટિકની બોટલોને, રેપર્સ પર સખત પ્રતિબંધ ને રિસાયક્લિંગની વ્યવસ્થા અનિવાર્ય હોવી જોઈએ. ક્યાંક બાંધકામ બાબતે પણ સખત નિયમો હોવા જોઈએ. કાશ્મીરની સુંદરતા હોય કે લદાખની શાંતિ, આ બધું જ કુદરતે આપણને આપેલી અણમોલ ભેટ. જો આપણે આપણું વર્તન નહીં બદલીએ, તો આવનારી પેઢીને જોવા માટે માત્ર પ્લાસ્ટિકના પહાડો અને ગંદી પાણીની નદીઓ જ બચશે. પ્રવાસ એ માત્ર ફોટા પાડીને સોશિયલ મીડિયા પર મૂકવા માટે નથી પણ કુદરત સાથે તાદાત્મ્ય સાધવાનું માધ્યમ છે. આપણા પ્રવાસન સ્થળોની જાળવણી કરવાનો, એ અંગે સભાનતા કેળવવાનો વખત આવી ગયો છે જો મોડું કરીશું તો ખરેખર ઘણું મોડું થઈ જશે.

---

# રેલવેના પાટાની ચોરી શા માટે થતી નથી?

**ઘટ ઘટ પાની**
★ માવજી મહેશ્વરી

જ્યારથી જગતમાં માનવ સભ્યતા વિકસી, ત્યારથી એની સાથે એક બીજી કલા પણ વિકસી છે. એને ચૌર્યકર્મ કહે છે. જેને સામાન્ય ભાષામાં ચોરી કહીએ છીએ. સામાન્ય રીતે ચોરી કરવી એ હીન કૃત્ય છે છતાં કોઈ એવો યુગ નથી આવ્યો જ્યારે ચોર ન હોય. કોઈ એવી વસ્તુઓ નથી જેની ચોરી થઈ ન હોય. નાણાં, દાગીના, કાપડ, ખાવાની વસ્તુઓ, વાસણો, સ્થાપત્ય, દસ્તાવેજોની ચોરી તો સામાન્ય છે. હવે તો સાહિત્યકારોના લખાણની પણ ચોરી થાય છે. વર્તમાન સમયમાં કોઈ એવો દિવસ જતો નહીં હોય જ્યારે ચોરી થઈ ન હોય. અમૂલ્ય હીરાની ચોરીની અશક્ય લાગતી ઘટનાઓ પરથી ફિલ્મો બની છે. રેઢો પડેલો સામાન ચોરાઈ જવાની ઘટનાઓ દરેક ઠેકાણે બનતી હોય છે પણ ભારતમાં રેલવે દોડતી થઈ તેને પોણા બસો વર્ષ થયાં પણ હજુ સુધી સૂમસામ વિસ્તારોમાં કોઈ જાતની રખેવાળી વગર પથરાયેલા રેલવેના પાટાની ચોરીનો બનાવ શા માટે બન્યો નહીં હોય?

ભારતના જંગલ વિસ્તારો કે નિર્જન વિસ્તારોમાં રેલવેના પાટા પથરાયેલા પડ્યા છે. માઈલો સુધી એ પાટાની સલામતીની કોઈ ચિંતા પણ કરતું હોતું નથી. છતાં આજ સુધી ભારતમાં રેલવેના પાટાની ચોરી થયાની ઘટના બની નથી. હજુ સુધી કોઈ ચોરને રેલવેના પાટાની ચોરી કરવાનો વિચાર આવ્યો નથી. સામાન્ય રીતે આવા વિચારો કરવાની આપણને ટેવ નથી પણ આ સત્ય છે. આની પાછળ કેટલાંક ટેક્નિકલ કારણો તો છે જ, સાથે ભારતીય રેલવેના સખત કાયદા પણ છે. સૌથી પહેલા જોઈએ ટેક્નિકલ કારણો ક્યાં ક્યાં છે. દેખાવે પાટા સામાન્ય લોખંડના બનેલા હોય એવું લાગે પણ હકીકત જુદી છે. પાટા સામાન્ય લોખંડના નથી. રેલવેના પાટાની બનાવટમાં નકરું લોખંડ વપરાતું નથી. એના કારણે જ વર્ષો સુધી પાટાને કાટ લાગતો નથી. સેંકડો ટન વજનની મુસાફર ગાડીઓ અને માલસામાન વહન કરતી ગાડીઓ એ પાટા પરથી દોડતી રહે છે તોય તે વળી કે તૂટી જતા નથી. એનું કારણ પાટાની બનાવટમાં વપરાયેલું મટીરિયલ છે. રેલવેના પાટાની બનાવટમાં લોખંડ ઉપરાંત મેંગેનીઝ અને કાર્બનનો ઉપયોગ થયેલો હોય છે. પાટામાં ૧૨% હાર્ડ મેંગેનીઝ સ્ટીલ અને



૦.૨ % કાર્બન વપરાયું હોય છે. આને કારણે એ પાટા વજન સહન કરી જાય છે. બીજું, પાટાની સખતાઈને કારણે તેને સામાન્ય ઓજારથી કાપવું લગભગ અશક્ય છે. રેલવેના પાટાને કાપવા માટે કદાચ કોઈ ઈલેક્ટ્રિક આરીનો ઉપયોગ કરે તો આરી તૂટી જતી હોય છે. ઉપરાંત રેલવેના પાટા ઉપર ખાસ પ્રકારના ચિહ્ન અને કોટીંગ કરેલાં હોય છે, જે તેને અન્ય લોખંડ કરતાં જુદું પાડે છે. માની લ્યો કે કોઈ ચોરે કોઈ પણ રીતે પાટાનો ટુકડો કાપી લીધો તો પછી એનું કરશે શું? એને ક્યાં જઈને વેચશે? લોખંડનું સ્વરૂપ બદલવા એને ઓગાળવું પડે. લોખંડને ઓગાળવા સામાન્ય રીતે ૧૫૦૦ ડીગ્રી તાપમાન જોઈએ. તે પછી જ એને બીજા સ્વરૂપમાં ફેરવી શકાય. રેલવેના પાટા એટલા તાપમાને પણ ઓગળતા

**રેલવેના પાટાને નુકસાન કરવું કે ચોરી કરવી એ રેલવે પોપર્ટી એક્ટ હેટળ ગંભીર ગુનો ગણાય છે. એની સજાઓ પણ આકરી છે. ભારતમાં એટલા માટે જ રેલવેનું પોતાનું સ્વતંત્ર રેલવે પોલીસ દળ હોય છે**

હોતા નથી. એને ઓગાળવા ઈલેક્ટ્રિક ભઠ્ઠી જોઈએ. જે એક સામાન્ય ચોર માટે લગભગ અશક્ય બની જતું હોય છે. એના કારણે કોઈ સામાન્ય ચોર ક્યારેય રેલવેના પાટાની ચોરી કરતો નથી. બીજું કારણ છે રેલવેના કાયદાઓ. રેલવેની માલિકીનો સામાન ચોરવાના કાયદાઓ એટલા સખત છે કે સામાન્ય ચોરોની હિંમત જ ચાલતી નથી. રેલવેના પાટાને નુકસાન કરવું કે ચોરી કરવી એ રેલવે પોપર્ટી એક્ટ હેટળ ગંભીર ગુનો ગણાય છે. એની સજાઓ પણ આકરી છે. ભારતમાં એટલા માટે જ રેલવેનું પોતાનું સ્વતંત્ર રેલવે પોલીસ દળ હોય છે. જો કોઈ ભંગારવાળા પાસેથી રેલવેના પાટાનો નાનો ટુકડો પણ મળી આવે તો તેને પોતાની દુકાન બંધ કરવી પડે છે એટલું જ નહીં, વર્ષો સુધી જેલમાં સડવું પડતું હોય છે. આના કારણે જ કોઈ પણ ભંગારનો વેપારી થોડા નફા માટે પોતાની આખી જિંદગીને દાવ પર લગાવતો નથી.

અન્ય એક કારણ પણ રસપ્રદ છે. એ છે પાટાના વજનની સમસ્યા. રેલવેના પાટા ભલે પાતળા દેખાતા હોય છે પણ તેનું વજન અસામાન્ય હોય છે. સામાન્ય માણસને રેલવેના પાટાના વજનનો અંદાજ પણ હોતો નથી. રેલવેના પાટાનો એક ટુકડો સેંકડો કિલોનો હોય છે. એટલે રેલવેના પાટાના ટુકડાઓને ઉપાડવા માટે ક્રેન જેવાં સાધનોની જરૂર પડે છે. રેલવેના પાટાની ચોરી કરનાર એટલાં બધાં સાધનો એકત્ર કરી શકતો નથી. સૂમસામ જગ્યાએથી પાટા કાપવા, એને ઉપાડવા એ પણ ચોરી કરીને, એ કોઈ માટે શક્ય નથી. રેલવેના પાટાની બનાવટના ટેક્નિકલ કારણો, રેલવેની સંપત્તિની ચોરીના સખત કાયદાઓને કારણે આજ સુધી આપણી રેલવેના પાટા સલામત રહ્યા છે. સામાન્ય લાગતી બાબતોનાં કેટલાંક અસામાન્ય કારણો હોય છે. રેલવેના પાટા એનું ઉત્તમ ઉદાહરણ છે.